વર્ષ-૧૨, અંક-૯, સંવત ૨૦૭૨ ભાદરવા વદ-૧૨,
પ્રસિધ્ધ તા. ૨૭-૦૯-૨૦૧૬, મંગળવાર
છુટક નકલ રૂા. ૫-૦૦, વાર્ષિક લવાજમ રૂા. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

## જય પરમાત્મા





**"દેહિના જન્મસંધાર્ય સચ્ચિદાનંદ ઈશ્વરઃ ।**
**સર્વદા ચાનુસન્ધેયઃ" કથિતં ભવતૈકદા ॥**
**એતત્તે દિવ્યકથનં હ્યસ્માકં ચેતસિ પ્રભો ।**
**સર્વદા સંસ્થિરં ભૂયાત્ ત્વત્ત । યાચેડત્ર વલ્લભ ॥**

"માનવે જન્મધારણ કરી સત્, ચિત્ત, આનંદરૂપ ઈશ્વરનું અનુસંધાન કરવું" એમ એક દિવસે આપે અમને કહ્યું. હે વલ્લભ પ્રભો ! આપનું આ દિવ્યકથન અમારા અંતરમાં સર્વદા સ્થિર વિદ્યમાન રહો એવી આપની પાસે યાચના છે.

**મોક્ષમાર્ગપ્રણેતારં શિષ્યાણાં હિતકારકમ્ ।**
**રમૂજિગુરુદેવં તં પ્રયત્નો નતિપૂર્વકમ્ ॥**
**મુમુક્ષુગતિભંગશ્ચેત્ દેત્વોત્સાહં પુનશ્ચ યે ।**
**નયતે યોડત્ર સન્માર્ગ રમૂજિલાલ તે નમઃ ॥**

મોક્ષમાર્ગના પ્રણેતા, શિષ્યોના હિતકારી રમુજીલાલ ગુરુદેવને પ્રણામપૂર્વક હું શરણે જાઉં છું. મુમુક્ષનો ગતિભંગ થતાં પુનઃ ઉત્સાહિત કરીને સન્માર્ગ ઉપર દોરી જનારા (ગુરુદેવ) રમુજીલાલને પ્રણામ હો.

(ગતાંગથી ચાલુ...)

આથી તે પ્રકારે મોકલતાં ખેડૂતે તે લેવાની ના પાડી અને કહ્યું કે જો પ્રભુને આપવું હશે તો ઘણું આપશે. રાજ્યના ખજાનાનું ધન પરધન હોઈ હું લઈ શકું નહિ. આમપાછું મોકલવાથી રાજાએ કહ્યું કે એની સ્ત્રીની ઈચ્છાનુસાર તેને ઘરેણાં આપો. ત્યારે તેની સ્ત્રીએ ઘરેણાં લેવાની ના પાડી અને જવાબ આપ્યો કે મારા પુત્રને મેં ભણાવી હોશિયાર બનાવ્યો છે, તો તેને રાજ્યસભામાં સ્થાન આપો.

આથી રાજાએ તેના પુત્રને બોલાવ્યો અને તેની હોશિયારી જોઈ તેને રાજ્યસભામાં અધિકારી બનાવ્યો. થોડા વખતમાં પોતાની હોશિયારી, ખંતીલા સ્વભાવ અને પ્રમાણિકતાથી તે એટલો આગળ વધ્યો કે રાજાએ તેને મુખ્ય પ્રધાન બનાવ્યો રાજા તેમજ પ્રજાનું જોઈતું હિત બગડે નહિ તે રીતે કાર્ય કરવાથી તે પ્રજાનો અને રાજાનો અતિપ્રિય થઈ ગયો. રાજાને એકની એક પુત્રી હતી તે આ ખેડૂતના પુત્રને પરણાવી. રાજાના મૃત્યુ બાદ તે રાજા બન્યો અને તેણે પ્રમાણિકપણે રાજ્ય ચલાવ્યું. રાજ્યના કરવેરા માફ કરીને, પોતે ખેતી કરી પોતાનું ગુજરાન નિભાવી દુનિયાને એક આદર્શ દાખલો પૂરો પાડ્યો.

૩૯

**શિષ્ય :-** લક્ષ્મીને ચાહનારા લક્ષ્મી માટે શું કહે છે ? લક્ષ્મી સર્વ પાપનું મૂળ છે, એમકહેવાનું શું કારણ ? અનીતિનું નાણું નીતિના નાણાંને પણ ઘસડી જાય છે, આ વિષય દૃષ્ટાંત આપીને સમજાવો.

**ગુરુદેવ :-** સંસારની અજબ ઘટમાળ છે કે જેમાં માયાના મોહપાશથી જ્ઞાની અને અજ્ઞાની, વિદ્વાન અને અવિદ્વાન, મહાત્મા અને મૂર્ખ સર્વ જીવાત્માઓ નિમિત્ત બની મારું, તારું કરી હમતા - મમતા ધરીને તથા માયાના રંગમાં રંગાઈ સંસારરૂપી નાટકના થિયેટર પર નાચી રહ્યા હોય છે. માયાના મોહથી જગતની જંજાળ રૂપી જ્વાળામાં હજારો જ્ઞાનીઓ, મહાત્માઓ, યોગીઓ હોમાયા છે તથા ભૂલ્યા છે. સંસારના સ્નેહીઓને શૂળી પર ચઢાવનાર, મહાત્માઓના મનને ચળાવનાર, ગરીબોના હૃદયમાં આગનો વરસાદ વરસાવનાર, આંખો છતાં અંધ બનાવનાર, બુદ્ધિ છતાં બેવકુફ બનાવનાર લક્ષ્મી સર્વ પાપોનું મૂળ છે. કારણ કે માનવ જીવોને વિષયોથી

ભરપૂર માનવ શરીર મળ્યું છે. તેમાં બીજું પાપને પોષનારૂં તથા વિષયોને સંતોષનારૂં જોબન મળે છે અને સાથે પૈસાથી, કાં તો વિદ્યાથી, કાં તો નોકરીથી, ગમે તે પ્રકારથી ડાહ્યાને પણ દીવાના બનાવનારી, આંખો બોચીએ રખાવનારી ચાહ્ય તેવી થોડી યા વધારે સત્તા મળે ત્યારે આ મનુષ્યમાં પાપવાસનાના અંકુરો ફુટે છે અને જ્યાં લક્ષ્મી મળે છે કે તુરત માનવ માત્ર અભિમાનના શિખર પર ચઢી અનેક અનર્થ કરે છે.

સંસારમાં શ્રેષ્ઠ સાધનરૂપ ગણાતી લક્ષ્મી મનુષ્ય માત્રનાં મન ચળાવે છે અને એવા હદપાર પાપ કરાવે છે કે જેની સીમા રહેતી નથી. તેમાં પણ કેટલાક ભયંકર પાપ કરનારા ચાલબાજ મનુષ્યો ઉપરથી ભક્તના સ્વરૂપમાં રહી અનેક પાપ કરે છે અને સેંકડો છાનાં પાપ કરવા છતાં જગતમાં પુણ્યશાળી ગણાવા થોડું ઘણું ગરીબોને દાન કરી ભક્તપણું દેખાડે છે. કેટલાક ખુલ્લી રીતે નીડરતાથી પાપ કર્યે જાય છે. એમબે પ્રકારના પાપ સંસારમાં પ્રચલિત છે. તે બન્ને પક્ષવાળાઓ લક્ષ્મી આગળ ધર્મ, કર્મ તથા જાત, ભાત, દયા, દીનતા, પાપ, પુણ્ય વિગેરેનો લેશમાત્ર વિચાર ન કરતાં લક્ષ્મીમાંજ સર્વ દેખે છે. લક્ષ્મી માટે સાધારણ રીતે એવું માનવામાં આવે છે કે :-

**છપ્પા**

વાહ વાહ લક્ષ્મીબાઈ, સર્વમાં શોભા તારી;
રાખે તુજ પર પ્રેમ, ગરીબ, ગૃહસ્થો, નરનારી.
હરિ સરખા સ્વાધીન, રહીનો રાખે જોડે;
ઈંદ્ર ચંદ્ર કુબેર, ઈચ્છતા તુજનો કોડે.
સુરલોક રાખે ચાહ્ના, મોટી માનો માનવો;
વદે **વલ્લભ** લક્ષ્મીબાઈ, તુજને વશ દેવ દાનવો. ૧
શોભાવે તું અંગ, રંગબંગ બહુ કરાવે;
શોભાવે ઘર ગામ, નામતું ગૃહસ્થ ધરાવે.
રાખે તું ગુલામ, કામકરાવે ધાર્યું;
તુજથી જીત્યા સર્વ, તુજ વણ સર્વે હાર્યું.
તુજથી મહત્તા માન્ય છે, તુજથી સૌ વ્યવહારીયો;
કહે છે **વલ્લભ** તુજ વડે, શોભે સૌ સંસારીયો. ૨

ધના વડે ધનાવાન, કહે છે સાર્વ સૃષ્ટિ;
ધનથી લે છે સુખ, જરા નવ પામે કષ્ટિ.
ધના વડે વેપાર, થાય ઘોડનો ગાડી;
બાંધે મોટાં ધામ, વધે વસ્તીનો વાડી.
ધનથી થાય સૌ સુખડું, ધનથી સૌ શાહુકાર છે;
કહે છે **વલ્લભ** ધન વિના, ગુણિયલ પણ સુમાર છે. ૩
લક્ષ્મી માન, સન્માન, અપાવે જગમાં ભારી;
લક્ષ્મીથી શયતાન, તણી ગણાય શાહુકારી.
લક્ષ્મીથી વિદ્યાય, તણી ન પરવાહ રહેતી;
લક્ષ્મીથી ભય, દુઃખ રાજ્યની ભીતી ન રહેતી.
વિદ્યા, રૂપ, ગુણ હોય પણ, લક્ષ્મી વિનાના લપોડ છે;
લક્ષ્મી સાથ સદ્‌ગુણ ભર્યા, તેની ન જગતમાં જોડ છે. ૪
જગમાં યશ કે દામ, નામ દાતાર ધરાવે;
દામરજય દરબાર, પ્રથમ આવકાર કરાવે.
દામ વસાવે ગામ, હામ આપે મહાભારી;
દામ દેશ-પ્રદેશ, કરાવે સોવા સારી.
છે દામ શ્રેષ્ઠ સૃષ્ટી મહી, દામે મહીપતિ પોળીયા;
વદે **વલ્લભ** સૌ વિશ્વમાં, દામ વિના ડફોળીયા. ૫
પૈસાથી મળે માન્ય, મળે પૈસાથી શોભા;
પૈસાથી ટળે રોગ, ટળે પૈસાથી ઓભા.
પૌસાથી મળે નાર, ટળે કુંવારા મ્હેણ;
પૌસાથી ઘરસુત્રા, ટળે પૌસાથી દેણુ.
પૈસાથી મળે ગાડીયો, પૈસે પોશાકો મળે;
વદે **વલ્લભ** પૈસા થકી, શીર ટંટો આવ્યો ટળે. ૬
પૈસાથી અમલદાર, લાંચ લઈ અન્યાય કરતા;
પૈસાથી ગરીબ, લોક બહુ વૈતરાં કરતાં.

પૈસાથી હોય મૂર્ખ, તેને સૌ ડાહ્યો કહેતા;
પૈસાથી પરકાજ, અનેકના શ્રોણિત વહેતાં.
પૈસાકાજ પ્રપંચ, પાપ, મારામારી થાય છે;
પૈસાકાજ નીતિ તજી, અનીતિ પકડાય છે. ૭
રળે મનુષ્ય એક પહોર, રળે પૈસો મહોર અષ્ટે;
રળે મનુષ્ય કરી કષ્ટ, રળે પૈસો વણ કષ્ટે.
રળે મનુષ્ય બે ભુજ, રળે પૈસો વણ ભુજે;
રળે મનુષ્ય હોય ચક્ષ, રળે પૈસો વણ સુઝે.
મનુષ્ય દ્વીચર્ણે રળે, પૈસો પોઢેલો રળે;
વદે **વલ્લભ** આ વિશ્વમાં, પૈસાથી પૈસે મળે. ૮
દામે પૈસાદાર, દામથી થાય વેપારી;
દામ થકી સરકાર, દામતી કાંતિ સારી.
દામ થકી સૌ શ્રેષ્ઠ, દામથી ભાઈભાઈ થાયે;
દામે મળતો યશ, દામથી જગ પડે પાયે.
દામે દુનિયા એહની, દામે મહેલ, અટારીયો;
વદે **વલ્લભ** જગ જાણતું, દામવિના દેવાળીયો. ૯
દામ થકી સૌ કામ, સહેજમાં સિદ્ધ જ થાયે;
દામ થકી પરગામ, નામ પ્રસિદ્ધ ગણાયે.
દામ થકી સરકાર, માન ઈલ્કાબો આપે;
દામ થકી નરનાર, પ્રમુખ પદે જઈ સ્થાપે.
દામે થાય સગાઈ, દામે સૌ સ્નેહી બને;
વદે **વલ્લભ** મળે દામતો, ન્યાયી અન્યાયી બને. ૧૦
પૈસા વણ કંઈ લોક, દુઃખીયા દારૂણ હુવા;
પૈસા વણ કંઈ લોક, કુંવારા કષ્ટે મુવા.
પૈસા વણ કંઈ લોક, રહ્યા ભોંય પાસાં ઘસતાં;
પૈસા વણ કંઈ લોક, એકલા જંગલ વસતાં.

રહ્યાં પૈસા વણુ વાંઝીયા, પૈસા વણ રડતા ફર્યા;
વદે **વલ્લભ** પૈસા વિના, પરદેશોમાં નિસર્યા. ૧૧
પૈસા પણ નહિ સ્વાદ, નહિ કાંઈ ખાણાં ઘીના;
પૈસા વણ નહિ માત, તાત નહિ પૈસા વિના.
પૈસા વણ નહિ ભ્રાત, નહિ પૈસા વણ ભગની;
પૈસા વણ નહિ શીત, સદા પૈસા વણ અગ્નિ.
પૈસા વણ નહિ જોડ જથો, નહિ પૈસા વણુ પ્રેમદા;
વદે **વલ્લભ** પૈસા વિના, અનેક માર્ગે આપદા. ૧૨

આ પ્રમાણે સંસારમાં સુખના શિખર પર ચઢેલા શ્રીમંતો માની રહેલા છે. પરંતુ તેનું અંતે શું પરિણામઆવે છે, તે વિષે એક દ્રષ્ટાંત છે કે :-

**દ્રષ્ટાંત**

એક શ્રીધર નામનો કાયસ્થ હતો. તેના માબાપ નાનપણમાંજ મરી જવાથી નિરાધાર દશામાં જુદા જુદા દયાળુ ગૃહસ્થોની મદદથી સંસ્કૃત ભાષાનો કાંઈક સારો અભ્યાસ કરી તે ઉછર્યો હતો. અભ્યાસ કરી રહ્યા બાદ બીજો માર્ગ પસંદ ન કરતાં નોકરી માટે ગુજરાતના રાજદરબારોમાં તે અથડાતો હતો, પરંતુ તેના કમનસીબે નોકરી મળતી ન હતી. તેથી નોકરી માટે શ્રીધર સુરતમાં તપાસ કરવા લાગ્યો. તે સમયે બ્રિટીશ કંપની સરકાર સુરતમાં કોઠી નાંખી પોતાનું કાર્ય કરી રહી હતી. તેના એક વડા અમલદાર સાહેબ સાથે હિંદુસ્તાન જોવા માટે આવેલ પાદરી, નોકરી માટે રખડતા શ્રીધરને મળી ગયા. સામાન્ય વાતચીત કરી પરંતુ બન્નેને એક બીજાની ભાષા સમજી શકાવી મુશ્કેલ પડવાથી એક સામાન્ય અંગ્રેજી જાણનાર મારફતે બન્ને પોતાનો પરસ્પર ખુલાસો કરી શક્યા અને શ્રીધરને નોકરીની જરૂર હતી, તે સાથે પાદરીને પોતાનો ધર્મ હિંદુસ્તાનમાં ફેલાવવા માટે હિન્દુ ધર્મની હકીકત જાણવા પુસ્તકોનું અવલોકન કરવા, સંસ્કૃત ભાષા શીખવા માટે શ્રીધરની જરૂર હોવાથી પાદરી સાહેબ શ્રીધરને નોકરી અપાવવા કંપનીના વડા અમલદાર સાહેબ પાસે લઈ ગયા અને ભલામણ કરી નોકરી અપાવી. આથી પાદરી સાહેબ શ્રીધરને સારી જગા મળે તે માટે અંગ્રેજી શીખવતા અને શ્રીધર પાદરી સાહેબને

સંસ્કૃત શીખવતો. આ પ્રમાણે શ્રીધર અંગ્રેજી શીખવાથી ધીમે ધીમે ઊંચા દરજ્જે ચઢતો ગયો, ત્યારબાદ કેટલોક સમય વીત્યે ભલામણ કરી શ્રીધરની સારા પગારની નોકરી પર બદલી કરાવી પાદરી સાહેબ પોતાના દેશ પાછા ફર્યા.

આ પ્રમાણે શ્રીધર શ્રેષ્ઠ દરજ્જો મેળવ્યો તેમજ તેણે કંપનીના અમલદારોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. શ્રીધર સત્તાધીશ થવાથી તેને હિંદી તેમજ પરદેશી વેપારીઓ પોતાનો સ્વાર્થ સાધવા લાંચો આપી ફોડવા માટે ઘણીજ કોશીશો કરતા હતા. પરંતુ શ્રીધર લક્ષ્મીથી લેશમાત્ર ન લલચાતાં પોતાની નેકી તથા ફરજ પર અડગ રહેતો હતો. શ્રીધર ગરીબ ઘરનો હોવાથી તેનું લગ્ન થયેલ ન હતું પરંતુ વડા અમલદાર સાહેબની ભલામણથી કંપની તરફથી શ્રીધરને પોતાના લગ્નનું ખર્ચ બક્ષિશ મળ્યું અને તેનું લગ્ન એક સંસ્કારી કાયસ્થ કન્યા સાથે થયું. આથી શ્રીધર સાહેબનો અત્યંત ઉપકાર માનતો હતો અને દિન પ્રતિદિન ઘણીજ વફાદારીથી નોકરી કરતો હતો તથા પવિત્ર નીતિથી જે મળે તે પગારમાં સંતુષ્ટ રહી અનીતિથી મળતી લક્ષ્મીને ઠોકરે મારતો હતો. તે કંપની સરકારનું પોતાનાથી બનતું હિત કરવા ચૂકતો નહિ.

શ્રીધર સાથે લગ્ન કરેલ સ્ત્રી ગુણસુંદરીનો શ્યામસુંદર નામનો સગો કાકો સુરતમાં એક પ્રસિદ્ધ ગૃહસ્થ હતો. તે જે વખતે બહારગામ ગયેલો હતો, તે વખતે દહેશતને લીધે ગુણસુંદરીના પાલકપિતા કે જે ગુણસુંદરીના બાપના ખાસ મિત્ર હતા, તેમણે તેના લગ્ન કરી દીધાં હતાં. ગુણસુંદરી તદ્દન નાની વયથી આ પાલકપિતાને ત્યાંજ ઉછરેલી હોવાથી તથા પોતાના જન્મનો ખરો ભેદ પોતે તથા બીજાું કોઈ જાણતું નહિ હોવાથી પાલકપિતાને જ તે પોતાનો સાચો બાપ માનતી હતી.

પરંતુ કેટલાક સમય બાદ ગુણસુંદરીના પાલકપિતા મરણ પથારીએ પોઢયા અને તેણે ગુણસુંદરીનો તમામભેદ શ્રીધર તથા ગુણસુંદરીને બોલાવી કહી સંભળાવ્યો કે ગુણસુંદરીના દાદાનાં મામાએ અત્યંત અધર્મ અને અનીતિથી ગરીબોના ગળા કાપીને લોહીની લક્ષ્મી પેદા કરેલી. પરંતુ તેના વંશમાં તેમજ કુટુંબમાં કોઈ વંશવારસ રહ્યું નહિ, તેથી તે મિલકતનો વારસો ગુણસુંદરીના દાદાને

મળેલો. તે પછી થોડા સમયમાં તે ગુજરી જવાથી ગુણસુંદરીના બાપ ઘરમાં વડીલ હોવાથી તે મિલકતનો વહીવટ કરતા હતા, પરંતુ શ્યામસુંદર જ્યારે ઉંમર લાયક થયો ત્યારે લક્ષ્મીના લોભથી અને કુસંગના બળથી તેમે ગુણસુંદરીના બાપને મારી નાંખ્યો. ત્યારે ગુણસુંદરી ધાવણી હતી. તેને પણ મારી નાંખવાના યુક્તિ-દાવ તે શોધી રહ્યો હતો. તેટલામાં ગુણસુંદરીની માતાએ મરણને શરણ થવા પહેલાં મને ખાનગી રીતે બોલાવડાવી ગુણસુંદરીને સોંપી દીધી, અને તેને છૂપી રીતે હું ઉઠાવી લાવ્યો. ત્યારબાદ ગુણસુંદરીની માતા મરી ગઈ અને ગુણસુંદરીને મેં મારી પોતાની દીકરી તરીકે પ્રસિદ્ધ કરી ઉછેરી. છેવટે શ્યામસુંદર ન જાણે તેમતેને પરણાવી દીધી છે. આ પ્રમાણે ગુણસુંદરી મારી નહિ પણ મારા મિત્રની પુત્રી છે અને શ્યામસુંદરને ત્યાં પાપની લક્ષ્મીનો વારસો આવેલો છે. તે લક્ષ્મી દરેકનું ખરાબ કરતી આવી છે અને કરશે, એમવાતચીત કર્યા બાદ ગુણસુંદરીના પાલકપિતા દેહમુક્ત થયા.

ત્યારબાદ શ્રીધરની નેકી મુજબ તેનું ભાવિ ઉદય થવા લાગ્યું. શ્રીધર નોકરી સાથે ખાનગી ધંધો પણ કરતો જતો હતો. તેમકરતાં કરતાં શ્રીધર લક્ષાધિપતિ બન્યો. તે પછી કંપની સરકારની નોકરી છોડી દઈ તે પોતાનો ખાનગી ધંધો કરવા લાગ્યો અને તેમાં દ્રવ્યની અત્યંત વૃદ્ધિ થવા લાગી.

પરંતુ દશા પલટાતાં બ્રહ્મા પણ ભૂલે છે, તેમશ્રીધર માટે બન્યું. કારણ કે જે તે વખતે સામાન્ય પગારથી નોકરી કરી શ્રીધર પેટ ભરતો હતો, તે વખતે લક્ષ્મીના મોહ, લોભ અને લાલચને શ્રીધરના મનમાં સ્થાન મળતું ન હતું. પરંતુ લક્ષ્મી, યૌવન, યુવતી અને સત્તાએ ચારે જ્યાં મળે છે ત્યાં પાપાચાર થાય છે એમમહાત્મા પુરૂષો કહે છે. તે પ્રમાણે શ્રીધરને આ ચારે મળેલા હોવાથી તે લક્ષાધિપતિ થયો છતાં જેમ વધુ લક્ષ્મી મળી તેમધીમે ધીમે તેનામાં મોહ, લોભ અને લાલચના પાપાંકુરો વૃદ્ધિ પામ્યા. આ સમય દરમ્યાન શ્યામસુંદર જુગાર, વિષયવાસના, મદ્યપાન વગેરેથી ખુવાર થઈ ગયો અને તેની પાસે ઘણામાં ઘણી અર્ધો લાખની મિલકત બાકી રહેલી હતી.

જ્યારે શ્યામસુંદર લક્ષાધિપતિ હતો ત્યારે શ્રીધર સામાન્ય પગારનો નોકર હોવા છતાં પ્રથમથી છેવટ સુધી તે શ્યામસુંદરને ધિક્કારતો હતો. તથા તેની લક્ષ્મીની તેને લેશ પણ લાલસા ન હતી. પરંતુ પાછળથી શ્રીધરના કોઈ પૂર્વના પાપ પ્રગટ્યાં

અગર ભાવિએ ભુલાવ્યો તેથી શ્રીધર પોતાની નેકી, પવિત્રતા અને ધર્મનીતિ તજી શ્યામસુંદરની મિલકતનો વારસો લેવા ગુણસુંદરીના નામનું શ્યામસુંદર પાસે વસિયતનામું કરાવવા તૈયાર થયો. ગુણસુંદરીએ શ્રીધરને ઘણુંજ સમજાવ્યો અને પોતાના પાલકપિતાએ મરતાં મરતાં કહેલા શબ્દોનું સ્મરણ કરાવ્યું કે આ લક્ષ્મી પાપયુક્ત છે, તે તમારી પવિત્ર લક્ષ્મીને પણ લઈ જશે. શ્રીધરની પવિત્ર બુદ્ધિ દૂર થવાથી તેણે ગુણસુંદરીનું પણ કહ્યું ન માન્યું અને શ્યામસુંદર પાસે ગયો પછી શ્રીધરે પોતે તથા શ્રીધર પોતાની સાથે જે સમ્યો લઈ ગયો હતો તેમણે શ્યામસુંદરને ગણો સમજાવ્યો ત્યારે શ્યામસુંદરના મનમાં કાંઈક પ્રિતૃપ્રેમ પ્રગટ્યો. પોતે સ્ત્રી, પુત્ર, પરિવાર વગરનો હતો અને પોતાના કુટુંબમાં આ ગુણસુંદરી એકલીજ વંશવારસ હતી. તેથી શ્રીધરના સમજાવ્યાથી શ્યામસુંદરે વસિયતનામું કરી આપ્યું કે મારા મરણ બાદ મારા વાપરતાં જે બાકી રહે તે તમામમિલકતની વારસ ગુણસુંદરી છે અને ગુણસુંદરી માટે શ્રીધરને ચાર હજારની મોતીની માળા આપી. શ્રીધરે પાપની લક્ષ્મીનો સ્પર્શ કર્યો તે તેણે પાપમાં ભરેલું પ્રથમપગલું હતું.

આ મોતીની માળા કેટલા પાપને પ્રસારી શકે છે તે શ્રીધરની કલ્પના બહાર હતું. તે મોતીની માળા શ્રીધરે ગુણસુંદરીને આપી પણ ગુણસુંદરીએ તે લીધી નહિ અને કહ્યું કે તમારા પવિત્ર ભંડારને આ માળાનો સ્પર્શ થવા દેશો નહિ. છતાં શ્રીધરના મનમાં તેની હિતકર વાણીની દરકાર ન હતી, તેથી શ્રીધરે માળા પોતાના ભંડારમાં મૂકી.

"જે ચઢે તે પડે" એ કહેવત અનુસાર, સત્ય નીતિ અને ધર્મપરાયણથી મેળવેલી પવિત્ર લક્ષ્મીને શ્રીધરે પોતેજ શ્યામસુંદરને ત્યાંથી પાપની લક્ષ્મી લાવી અપવિત્ર બનાવી. શ્રીધરે પાપની લક્ષ્મીને સ્પર્શ કરતાંજ તેની પવિત્ર વૃત્તિઓ બદલાઈ ગઈ. તે ચાહ્ય તેવા પવિત્ર વિચારો લાવે પણ તેનું મન તેને પાપમાર્ગે દોરી જવા લાગ્યું. ધીમે ધીમે શ્રીધરની પવિત્ર લક્ષ્મીએ પણ શ્રીધરને ત્યાંથી નાસવા માંડ્યું. છતાં શ્રીધરને કાંઈજ સમજ પડી નહિ કે આમ શાથી બની રહ્યું છે. ગુણસુંદરી જેવી દેવીની વિનંતીને પણ સાંભળવા શ્રીધર શ્રમલેતો નહિ. ગુણસુંદરી તથા પોતાના બાળકો તરફનો તેનો પ્રેમ ક્યાંયે જતો રહ્યો. આથી ગુણસુંદરી સમજી ગઈ કે શ્રીધર માર્ગ ભૂલ્યો છે અને તેનો દિનમણિ અસ્ત થવા આવ્યો છે.

(વધુ આવતાં અંકે)

# ૨૦૧૭ના વર્ષ માટે ચેતવણી લવાજમ ભરવા બાબતે સૂચના

આથી ચેતવણી માસિકના દરેક ગ્રાહક ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે ચેતવણી માસિક ૨૦૧૭ના વર્ષ માટેનું લવાજમ લેવાનું ચાલુ હોવાથી દરેક ગ્રાહક ભાઈ-બહેનોએ પોતાનું લવાજમ નિયુક્ત પ્રતિનિધિઓને ત્યાં સમયસર ભરાવી દેવું.

**(લવાજમ ભરવાની છેલ્લી તા. ૩૧-૧૨-૨૦૧૬ છે,**
**ત્યારબાદ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં.)**

લવાજમ મનીઓર્ડરથી મોકલવાનું એડ્રેસ :-
ચેતવણી કાર્યાલય, શ્રીવલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૮.

**વાર્ષિક લવાજમરૂ.૭૦/- તથા આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/-**

## લવાજમ સ્વીકારવા અંગે નિયુક્ત કરેલ પ્રતિનિધિઓ :-

(૧) શ્રી ૐકારેશ્વર મંદિર,
ઠે. શ્રી વલ્લભવાડી,
રામબાગ, મણીનગર, અમદાવાદ–૮.

(૨) વલ્લભ માનવોધ્ધારક મંડળ
વલ્લભાશ્રમ, મુ.પો. અનાવલ,
તા. મહુવા, જી. સુરત.

(૩) શ્રી ઉત્તમભાઈ જેસીંગભાઈ પટેલ
મુ.પો. ખટાણા, વાયા–આંબાતલાટ,
તા. ધરમપુર, જી. વલસાડ.

(૪) શ્રી બાબુભાઈ ઉક્કડભાઈ નાયક
ઠે. પટેલ ફળિયું, મુ.પો. આછવણી,
તા. ચીખલી, જી. નવસારી.

(૫) શ્રી મગનભાઈ આર. કાંહડોળિયા
પ્રાથમિક શાળા, મુ.પો. શામગહાન,
તા. આહવા, જી. ડાંગ.

(૬) શ્રી ઈશ્વરભાઈ સુરજીભાઈ વસાવા
ઠે. પરોઠા હાઉસની બાજુમાં,
મુ.પો. સોનગઢ, જી. સુરત.

(૭) શ્રી ભુપેન્દ્રસિંહ જશુભાઈ સોલંકી
મુ.પો. નરોલી, તા. સેલવાસ,
જી. દાદરાનગર હવેલી.

(૮) શ્રી કંચનભાઈ મંછુભાઈ પ્રજાપતિ
ઠે. પ્રજાપતિ મહોલ્લો, મુ.પો. મોટીવેડ,
તા. ચોર્યાસી, જી. સુરત, વાયા કતારગામ.

(૯) શ્રી અરવિંદભાઈ સી. લાડ
એ–૯, દેવ્યાની એપાર્ટમેન્ટ
(એમ.જી રોડ) બોરીવલ્લી પૂર્વ, મુંબઈ–૬૬.

(૧૦) શ્રી છત્રકુમાર વલ્લભભાઈ મહેતા
ઠે. મોટીનેહર પાસે, મુ.પો. વાંસકુઈ,
વાયા–કરચેલિયા, તા.મહુવા, જી.સુરત.

(૧૧) શ્રી છીતુભાઈ ખુશાલભાઈ પટેલ
ઠે. રામબાગ સોસાયટી, અસ્તાન રોડ,
મુ.પો. બારડોલી, જી.સુરત.

(૧૨) શ્રી હરીશભાઈ મગનભાઈ પટેલ
મુ.પો. અટગામ, તા.જી. વલસાડ.

(૧૩) શ્રી પ્રતાપભાઈ કુંવરભાઈ રાજપુત
ઠે. વજીરફળિયા, નવી પોસ્ટની સામે,
મુ.પો. માંડવી, તા. માંડવી, જી. સુરત.

(૧૪) શ્રી પ્રેમાભાઈ એમ. પટેલ
સેક્ટર–૭, બ્લોક નં. ૧૨૦/૨,
ચૌધરી સ્કૂલની સામે, ગાંધીનગર.

(૧૫) શ્રી ધનસુખભાઈ રામભાઈ પટેલ
ઠે. કૃષ્ણકુંજ સોસાયટી, કચેરીની પાછળ,
તા. વાંસદા, જી. વલસાડ.

(૧૬) પ્રમોદભાઈ નાનુભાઈ પટેલ
ગુજરાતી શાળાની સામે, મુ.પો. પરીયા
તા. પાટડી, જી. વલસાડ વાયા ઉદવાડા

(૧૭) રમેશભાઈ રસમાભાઈ ચૌધરી
મુ.પો. વ્યારા, તા. વ્યારા.

(૧૮) જગુભાઈ છગનભાઈ આહીર
મુ.પો. નાની દેવસર, તા. ગણદેવી,
જી. નવસારી.

✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤

## -: ધનતેરસ :-

સંવત ૨૦૭૨ને આસો વદ–૧૩ને શુક્રવાર
તા. ૨૮–૧૦–૨૦૧૬ના રોજ ધનતેરસ ગણવી.
**યંત્ર પૂજનનો સમય :-** સવારે ૮–૧૨ થી ૧૧–૧૨ સુધી

છુટક નકલ રૂ. ૫-૦૦
વાર્ષિક લવાજમ રૂ. ૬૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

**પરમાનંદનું સુખ દુ:ખરૂપ સંસારના સંયોગથી રહિત હોવાથી, તે સુખનો અનુભવ કરવો તેનુંજ નામ"યોગ" છે. તે યોગ રખડતા, ભટકતા ચિત્તથી અર્થાત્ અનિશ્ચિત (અચોક્કસ યા નિશ્ચિત નહિ એવું) મનવાળાથી સંધાતો નથી; કેમકે અનિશ્ચિત મનવાળા મનુષ્યો, આ સુખ શ્રેષ્ઠ કે પેલું શ્રેષ્ઠ ? એમ વારંવાર ડગમગતા મનથી વિચારે છે. તેથી તેમને અખંડ સુખમાં અર્થાત્ મોક્ષ સુખમાં નિષ્ઠા યાને તત્પરતા (આતુરતા) ઉત્પન્ન થતી નથી. માટે આતુરતા વિના પરમાનંદ અને પરમાનંદ વિના મોક્ષાનુભવ થતો નથી તેથી તત્પર થયેલા આત્માથી નિશ્ચયપૂર્વક પરબ્રહ્મોપાસન કરવું, તેજ "પરમયોગ" અને "કર્તવ્ય" છે. જેનામાં મોક્ષ માટે અનન્ય પ્રેમ નથી, તેનામાં આતુરતા નથી, અને જેનામાં આતુરતા નથી તેમનાજ મન અસ્થિર હોઈ જ્યાં ત્યાં ભટક્યા કરે છે.**

**વર્ષ-૧૨, અંક-૯, સંવત ૨૦૭૨ ભાદરવા વદ-૧૨, મંગળવાર ૨૭-૦૯-૨૦૧૬**

**માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી** : જયવર્ધન રમુજીલાલ વ્યાસ
વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
દ્વારા તા. ૨૭-૦૯-૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કર્યું.

**ચેતવણી કાર્યાલય** : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

**મુદ્રણ સ્થળ** : ભવાની ઓફસેટ,૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.